૧૬-૧૨-૨૦૨૨ પ્રાતઃમોરલી ઓમ્ શાંતિ "બાપદાદા" મધુબન

**"મીઠાં બાળકો - બાપ ને અને ચક્ર ને યાદ કરો, મુખ થી કાંઈ પણ બોલવાની જરુર નથી, ફક્ત આ નર્ક થી દિલ (મન) હટાવી દો તો તમે સદા નિરોગી બની જશો"**

**પ્રશ્ન :-**બાપ ડાયરેક્ટ (સ્વયં) આવીને પોતાનાં બાળકોનું શ્રેષ્ઠ પ્રાલબ્ધ બનાવવા માટે કઈ સલાહ આપે છે?

**ઉત્તરઃ-** બાળકો, હમણાં તમારું બધુંજ ખતમ થવાનું છે. કાંઈ પણ કામ નહીં આવે એટલે સુદામા ની જેમ પોતાનું ભવિષ્ય પ્રાલબ્ધ બનાવી લો. બાપ ડાયરેક્ટ આવ્યાં છે તો પોતાનું બધુંજ સફળ કરી લો. હોસ્પિટલ સાથે કોલેજ ખોલી દો જેનાંથી અનેકોનું કલ્યાણ થાય. બધાંને રસ્તો બતાવો. શ્રીમત પર સદા ચાલતાં રહો.

**ઓમ્શાંતિ!** બેહદનાં બાપ બાળકોને સમજાવી રહ્યાં છે. સમજાવાય એમને છે જે બેસમજ હોય છે. તમે જાણો છો કે બરાબર બધાં પતિત છે અને પતિત-પાવન બાપ ને યાદ કરે છે. પતિત મનુષ્ય ને જરુર બેસમજ કહેવાશે. બધાં બોલાવે છે કે હે પતિત-પાવન આવીને અમને પાવન બનાવો. ભારતવાસી જાણે છે કે સતયુગ માં આ ભારત પાવન હતું. પાવન ગૃહસ્થ ધર્મ હતો. આ સમયે પતિત ગૃહસ્થ અધર્મ છે. ધર્માત્મા પાવન ને કહેવાય છે. આ ભારતમાં ૫ હજાર વર્ષ પહેલાં જ્યારે લક્ષ્મી-નારાયણ નું રાજ્ય હતું તો એને પાવન રાજ્ય કહેવાતું હતું. નર અને નારી બંને પાવન હતાં. બાપ સમજાવે છે કે અડધાકલ્પ થી ભક્તિમાર્ગ ચાલ્યો છે. જપ-તપ વગેરે કરવું, વેદ અધ્યયન કરવું, આ બધું ભક્તિમાર્ગ છે, એનાંથી મને કોઈ પ્રાપ્ત નથી કરી શકતું. મુજ બાપ ને જાણતાં જ નથી. આ બધું વેસ્ટ ઓફ ટાઈમ, વેસ્ટ ઓફ એનર્જી કરે છે. દ્વાપર થી લઈને ભક્તિમાર્ગ શરું થાય છે. પછી દેવતાઓ વામ માર્ગ માં જાય છે. લાખો કરોડો રુપિયા ખર્ચ કરી દેવતાઓનાં મંદિર બનાવે છે. સોમનાથ નું મંદિર કેટલું હીરા-ઝવેરાતો થી સજેલું (શણગારેલુ) હતું. એ સમય નાં હિસાબ અનુસાર કરોડો રુપિયા ખર્ચ નહીં કર્યા હોય કારણ કે એ સમયે તો હીરા-ઝવેરાત વગેરે ની કિંમત કાંઈ પણ નહોતી રહેતી. આ સમયે જો તે મંદિર હોત તો અથાહ પદમો ની મિલકત થઈ જાય.

હવે બાપ સમજાવે છે મીઠાં બાળકો વેદ, શાસ્ત્ર અધ્યયન કરવું, આ ભક્તિ છે, એને જ્ઞાન નથી કહેવાતું. સતયુગ માં તીર્થ વગેરે નથી માનતાં. ગંગા-જમુના નદીઓ તો સતયુગ માં પણ છે. હમણાં પણ છે. સતયુગ માં કોઈ તીર્થ કરવા માટે નદીઓ નહોતી. બાપ તો છે જ્ઞાન નાં સાગર, એ બેસી જ્ઞાન આપે છે. અડધોકલ્પ આ ભક્તિ ચાલે છે. પહેલાં અવ્યભિચારી ભક્તિ હોય છે. શિવ ની જ પૂજા કરે છે. પછી દેવતાઓની, હમણાં તો ભક્તિ વ્યભિચારી થઈ ગઈ છે. ભક્તિ કરતા, શાસ્ત્ર વગેરે વાંચતા રહે છે તો બધાં ભગત થઈ ગયાં. સજનીઓ મુજ એક સાજન ને યાદ કરે છે. ભક્તોની રક્ષા કરવા વાળા છે ભગવાન. તો જરુર ભક્તિ માં તકલીફ થાય છે ત્યારે તો કહે છે કે આવીને અમને લિબ્રેટ (મુક્ત) કરો. દુઃખ થી મુક્ત કરો. ગાઈડ (માર્ગદર્શક) બની મુક્તિધામ માં લઈ જાઓ. એમને આ ખબર નથી કે ભગવાન કોણ છે. શિવ અથવા શંકર નાં મંદિરમાં જાય છે. શિવ-શંકર ને સાથે (ભેગા) કરી દીધાં છે. છે બંને અલગ-અલગ, એ નિરાકાર, તે સૂક્ષ્મ શરીરધારી. એ મૂળ વતન માં રહેવા વાળા, તે સૂક્ષ્મ વતન માં રહેવા વાળા. તો બાપ સમજાવે છે મંદિર માં બળદ (નંદી) દેખાડે છે. સમજે છે શિવ-શંકર ની બળદ પર સવારી હતી. હવે શિવ માટે કહે છે કે એ સર્વવ્યાપી છે. એવું નહીં કહેશે કે શિવ શંકર સર્વવ્યાપી છે. એક પરમપિતા પરમાત્મા નિરાકાર ને કહે છે. હવે બાપ કહે છે જુઓ હું નિરાકાર તમને કેવી રીતે ભણાવું છું. બળદ પર કોઈ સવારી થોડી થાય છે. મારી સવારી બળદ પર કેમ દેખાડી છે? હું તો સાધારણ મનુષ્ય તન માં પ્રવેશ કરીને આવું છું. આમના ૮૪ જન્મો ની કથા તમને સંભળાવું છું. તમે પણ બ્રહ્મા મુખ વંશાવલી આવીને

બન્યાં છો. આમનું નામ છે ભાગીરથ અર્થાત્ ભાગ્યશાળી રથ કારણ કે પહેલાં-પહેલાં આ સાંભળે છે અને આ જ સૌભાગ્યશાળી છે. સતયુગ માં બહુજ થોડાક હોય છે. બાકી સર્વ આત્માઓ પાછા ચાલ્યાં જાય છે પોતાનાં ઘરે, જ્યાંથી આવ્યાં છે. આ કર્મક્ષેત્ર છે. સૃષ્ટિ નું ચક્ર ફરતું રહે છે. મૂળવતન, સૂક્ષ્મવતન માં આ સતયુગ, ત્રેતા નથી હોતાં. આ ડ્રામા નું ચક્ર અહીં ફરે છે. અડધોકલ્પ જ્ઞાન સતયુગ-ત્રેતા, અડધોકલ્પ ભક્તિ દ્વાપર-કળિયુગ. સતયુગ માં લક્ષ્મી-નારાયણ નું રાજ્ય હતું પછી લક્ષ્મી-નારાયણ ની ફર્સ્ટ (પ્રથમ), સેકન્ડ (દ્વીતીય).... રાજાઈ ચાલે છે. ત્રેતા માં છે ચંદ્રવંશી રામ ની ડિનાયસ્ટી (રાજધાની). સતયુગ માં ૮ જન્મ, ત્રેતા માં ૧૨ જન્મ. આ ૮૪ જન્મો ની કહાણી બાપ જ સમજાવે છે. બાપ પોતાનાં બ્રાહમણ બાળકો ને જ મળે છે બીજા કોઈને નહીં. બાળકો બન્યાં છે ત્યારે એમને ભણાવે છે. બાપ કહે છે-હું તમારો બાપ-શિક્ષક-સદ્દગુરુ છું. સદ્દગતિ કરી સાથે લઈ જાઉં છું. પાવન થવાનો બહુજ સહજ ઉપાય છે, જે તમને બતાવું છું. અહી બેસી તમે શું કરો છો? બાળકો કહે છે - બાબા અમે તમને યાદ કરીએ છીએ. તમારું ફરમાન છે કે નિરંતર મને યાદ કરવાનો પુરુષાર્થ કરો તો આ યોગ અગ્નિ થી તમારા વિકર્મ વિનાશ થઈ જશે. પછી તમે પવિત્ર સતોપ્રધાન બની જશો. હમણાં તમે તમોપ્રધાન છો, યાદ થી જ ખાદ નીકળશે. કોઈ તકલીફ ની વાત નથી. એવર (સદા) નિરોગી બનવા માટે કેટલી સહજ યુક્તિ છે. દેવતાઓ ક્યારેય બીમાર નથી થતાં આ યાદ થી જ તમે નિરોગી બનશો. પાપ ભસ્મ થવાથી તમે પાવન બની જશો. ખૂબજ ભારે કમાણી છે. હરો, ફરો ફક્ત મને યાદ કરો. પહેલાં આ પ્રેક્ટિસ કરવાની (અભ્યાસ કરવાનો) છે. યાદ કરવાથી અમે ૨૧ જન્મ માટે નિરોગી બની જઈશું. કોઈ તકલીફની વાત નથી, ફક્ત મામેકમ્ યાદ કરો. આ બાપે આત્માઓને કહ્યું, હે આત્માઓ સાંભળો છો? બાપ મુખ થી કહે છે મને યાદ કરો અને ઘર ને યાદ કરો. હવે આ નર્ક ખલાસ થવાનું છે. જવાનું છે પોતાનાં ઘરે. ભોજન બનાવતી વખતે પણ યાદ નો પુરુષાર્થ કરો. ભલે તમે કર્મયોગી છો તો પણ ઓછામાં ઓછા ૮ કલાક સુધી જરુર પહોંચો. ૫ મિનિટ, ૧૦ મિનિટ, અડધો કલાક એવી રીતે ચાર્ટ ને વધારતા રહો. તપાસ કરતા રહો અમે કેટલો સમય બાપને યાદ કર્યા? જે બાપ પાસે થી વૈકુંઠ ની બાદશાહી મળે છે, ૨૧ જન્મો માટે સદા નિરોગી બનો છો. કેટલી સહજ યુક્તિ છે. ચક્રનું જ્ઞાન સમજાવ્યું છે કે ચોટલી બ્રાહ્મણ, દેવતા, ક્ષત્રિય, શૂદ્ર આ ચક્ર યાદ કરવાનું છે. બીજ અને ઝાડ ને યાદ કરો. હમણાં તમે જાણો છો કે એક ધર્મની સ્થાપના થાય તો બીજા ધર્મ વિનાશ થઈ જશે. સતયુગ માં એક જ ધર્મ છે. તમને મહેનત જ આમાં છે. બાપ કહે છે કે મુજ બીજ ને યાદ કરો અને ઝાડ ને યાદ કરો. સ્થાપના, વિનાશ અને પાલના... આ છે ખૂબ સહજ. સહજયોગ અને સહજજ્ઞાન. બીજ થી ઝાડ કેવી રીતે નીકળે છે, આ તમારી બુદ્ધિમાં જ્ઞાન છે. રહો ભલે ગૃહસ્થ માં પરંતુ પવિત્ર રહેવાનું છે. આ તો સારું છે ને. બાપ કહે છે ૬૩ જન્મ તમે નર્ક માં ગોથા ખાધાં છે. પાપ કર્યા, હમણાં બિલકુલ જ પાપ આત્મા બની પડ્યાં છો. રાવણ ની મત પર ચાલતા આવ્યાં છો. ગાંધી પણ રામરાજ્ય ઈચ્છતા હતાં. આનો અર્થ રાવણ રાજ્ય માં હતાં. મનુષ્યની બુદ્ધિ કેટલી મલિન (તુચ્છ) થઈ ગઈ છે. કાંઈ પણ સમજતાં નથી. સ્વર્ગ ક્યારે હતું કોઈને ખબર નથી. લક્ષ્મી-નારાયણ ને ૫ હજાર વર્ષ થયાં છે, આ કોઈને ખબર નથી. સતયુગ ની આયુ લાખો વર્ષ કહી દે છે. અડધોકલ્પ છે જ્ઞાન, અડધોકલ્પ છે ભક્તિ પછી જ્યારે જૂની દુનિયા થઈ જાય છે તો આવે છે વૈરાગ્ય. આ નર્ક થી દિલ હટાવી દો છો.

તમે અહીં બેઠા ઘણી કમાણી કરો છો. બાપ કહે છે - તમે ચક્રવર્તી રાજા બનો છો. આ તમારો અંતિમ ૮૪ મો જન્મ છે, વિનાશ સામે છે. મૃત્યુલોક નો વિનાશ અમરલોક ની સ્થાપના થઈ રહી છે. અમરનાથ બાબા પાસેથી આપણે સત્ય-નારાયણ બનવાની સત્ય કથા સાંભળી રહ્યાં છીએ. છે એક કથા. શાસ્ત્ર વગેરે કેટલાં અનેક

બનાવ્યાં છે. કરોડ-પદમ રુપિયા ખર્ચ કરે છે. છે બધું ખોટું. બાપ સાચ્ચુ બતાવી સચખંડ ની સ્થાપના કરે છે. કેટલું સારી રીતે સમજાવાય છે. કેવી પણ અબળાઓ, ગણિકાઓ, અહિલ્યાઓ એ સ્વર્ગ નાં માલિક બની શકે છે. તમારી પાસે હમણાં શું રાખ્યું છે? અમેરિકા માં શું છે? મોટાં-મોટાં મહેલ છે. તે તો હમણાં પડ્યાં કે પડ્યાં. સ્વર્ગ માં તો અકીચાર (અઢળક) ધન હતું. અહીં તો ધન છે જ નહીં. અમેરિકા નાં વ્હાઈટ હાઉસ ને શું લૂંટશે? કાંઈ પણ રાખ્યું નથી. ત્યાં સતયુગ માં તો ગરીબ થી ગરીબ નાં મહેલ પણ અહીં કરતાં સારા હશે. ચાંદી-સોના લગાવેલા હશે. ત્યાં બધી સસ્તાઈ રહે છે, બધાંને પોતાની જમીન રહે છે. સુદામા નું દૃષ્ટાંત... ભક્તિમાર્ગ માં બે મુટ્ઠી ઈશ્વર અર્થ આપતા આવ્યાં છો. કોઈ ૫-૧૦-૧૦૦ રુપિયા પણ દાન કરે છે, જેનો એવજો (વળતર) બીજા જન્મ માં મળે છે તેથી જ મનુષ્ય દાન-પુણ્ય વગેરે કરે છે. કોઈ હોસ્પિટલ ખોલે છે તો બીજા જન્મ માં તંદુરસ્તી સારી મળે છે. કોઈ બિમારી નથી થતી. કોઈ કોલેજ બનાવે છે તો બીજા જન્મ માં ભણીને હોશિયાર થઈ જાય છે. એક જન્મનું ફળ બીજા જન્મમાં મળે છે. હવે પરમપિતા પરમાત્મા નિરાકાર બાપ તો દાતા છે. બાપ કહે છે - બાળકો એક હોસ્પિટલ સાથે કોલેજ ખોલો, એમાં અનેકોનું કલ્યાણ થશે. આનું ફળ તમને ૨૧ જન્મ માટે મળશે. તે છે ઇનડાયરેક્ટ (પરોક્ષ રીતે) એક જન્મ માટે, આ છે ડાયરેક્ટ (પ્રત્યક્ષ), ૨૧ જન્મ માટે પ્રાલબ્ધ મળે છે કારણ કે હમણાં બાપ ડાયરેક્ટ બેઠાં છે. સમજાવે છે તમારું બધુંજ ખતમ થવાનું છે. મહેલ માળીયા બધું માટીમાં મળી જવાનું છે એટલે હમણાં ભવિષ્ય ની કમાણી કરો જે તમને કામ આવે. જે પણ આવે એમને રસ્તો બતાવો, બાપ ને યાદ કરો તો તમારો કાટ નીકળશે. પારલૌકિક બાપ છે. બાપ કહે છે શ્રીમત પર ચાલવાથી તમે સ્વર્ગનાં માલિક, પારસબુદ્ધિ બની શકો છો. કેટલી યુક્તિઓ પણ સમજાવતાં રહે છે. દરેકનાં કર્મનો હિસાબ પોત-પોતાનો છે. બાપ કર્મ-અકર્મ-વિકર્મની ગતિ સમજાવે છે. કોઈ પણ તકલીફ હોય તો સર્જન ની પાસે આવીને શ્રીમત લો. અહિલ્યાઓ, કુબજાઓ... બધાંને આ રસ્તો બતાવવાનો છે. પવિત્રતા પર જ હંગામા (તોફાન) થતા આવ્યાં છે. વિષ ન આપ્યું (વિકાર માં ન ગયાં) તો મારવા લાગી જાય છે. ઘરેથી કાઢી મૂકે છે. કેટલો હંગામો કરે છે. બાબા કહે છે આ જ્ઞાન યજ્ઞ માં અસુરો નાં વિઘ્ન ખૂબ પડશે. અબળાઓ પર અત્યાચાર બહુજ થશે બીજા સત્સંગો માં ક્યારેય અત્યાચાર નથી થતાં. અહીં વિઘ્ન પડે છે. બાબા કહે છે - કેટલાં પતિત બની ગયાં છે. હવે તમે પવિત્ર બનો છો - પાવન દુનિયાનાં માલિક બનવા માટે. બાપનું ફરમાન છે આ અંતિમ જન્મ પવિત્ર બની મને યાદ કરો તો વિકર્મ વિનાશ થાય. આનું નામ જ છે સહજ રાજયોગ બીજા કોઈ શાસ્ત્રમાં આ યુક્તિ નથી. ગીતામાં છે દેહ નાં બધાં ધર્મ ત્યાગી મને પોતાનાં બાપને યાદ કરો. હવે શ્રીકૃષ્ણ તો ભગવાન નથી. ભગવાન સર્વ આત્માઓનાં બાપ એક છે. શરીર ની લોન લીધી છે, આ છે ભાગ્યશાળી રથ. આમને ખુશી તો થાય છે કે મારું શરીર ભગવાન કામ માં લે છે. આ શરીર માં બાપ આવીને બધાનું કલ્યાણ કરે છે. બાકી બળદ વગેરે નથી. આ વાતો ને નવાં શું સમજે. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

**ધારણા માટે મુખ્ય સારઃ-**

1) આ અંતિમ જન્મ માં સંપૂર્ણ પવિત્ર બની બાપની યાદમાં જ રહેવાનું છે. આ પતિત દુનિયાથી દિલ હટાવી દેવાનું છે.

2) સ્વદર્શન ચક્રધારી બનવાનું છે. હોસ્પિટલ સાથે કોલેજ ખોલી અનેકોનું કલ્યાણ કરવાનું છે. દરેક કદમ પર સુપ્રીમ સર્જન પાસેથી શ્રીમત લેવાની છે.

**વરદાન :- દિવ્ય બુદ્ધિ દ્વારા ત્રિકાળદર્શી સ્થિતિ નો અનુભવ કરવા વાળા સફળતામૂર્ત ભવ**

બ્રાહ્મણ જન્મ ની વિશેષ સૌગાત (ભેટ) દિવ્ય બુદ્ધિ છે. આ દિવ્ય બુદ્ધિ દ્વારા બાપ ને, સ્વયં પોતાને અને ત્રણેય કાળો ને સ્પષ્ટ જાણી શકો છો. દિવ્ય બુદ્ધિ થી જ યાદ દ્વારા સર્વ શક્તિઓ ને ધારણ કરી શકો છો. દિવ્ય બુદ્ધિ ત્રિકાળદર્શી સ્થિતિ નો અનુભવ કરાવે છે, એમની સામે ત્રણેય કાળ સ્પષ્ટ હોય છે. કહેવાય પણ છે જે વિચારો, જે બોલો આગળ પાછળનું વિચારી સમજીને કરો. પરિણામ ને જાણીને કર્મ કરવાથી સફળતા અવશ્ય થાય છે.

**સ્લોગન :-** યથાર્થ નિર્ણય આપવો છે તો રુહાની ફખુર (નશા) દ્વારા બેફિકર સ્થિતિ માં સ્થિત રહો.